# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી સિક્કિમની ત્રણ દિવસની મુલાકાતે

2) વિદેશ મંત્રી આજે નવી દિલ્હીમાં ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકની અધ્યક્ષતા કરશે

3) ગૃહમંત્રી આજે રાજસ્થાન BSFની સાંચુ બોર્ડર આઉટપોસ્ટની મુલાકાત લેશે.

4) જમ્મુ અને કાશ્મીરમાં, ગુલમર્ગ રોપવે કેબલ કારમાં ફસાયેલા 300થી વધુ પ્રવાસીઓને બચાવી લેવાયા

5) અમેરિકાએ ઈરાન યુદ્ધને સમાપ્ત કરવા માટે મધ્ય પૂર્વના ઈસ્લામિક દેશોને અબ્રાહમ કરારમાં જોડાવવા પર ભાર મૂક્યો.

6) IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ ક્વોલિફાયર-1માં ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PRESIDENT DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી સિક્કિમની ત્રણ દિવસની મુલાકાત લેશે. સિક્કિમમાં તેમના રોકાણ દરમિયાન, તેઓ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે અને અનેક સ્થળોની મુલાકાત લેશે.

(VC: MANAS)

# QUAD SEAT

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર આજે નવી દિલ્હીમાં ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકની અધ્યક્ષતા કરશે

ઓસ્ટ્રેલિયાના વિદેશ મંત્રી પેની વોંગ, જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગી અને અમેરિકી સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો આ બેઠકમાં ભાગ લેશે.

મંત્રીઓ પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોમાં ક્વાડ સહયોગને આગળ વધારવા, ક્વાડ પહેલ પર પ્રગતિની સમીક્ષા કરવા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં તાજેતરના વિકાસ અને પરસ્પર ચિંતાના અન્ય આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચિંતન કરવા પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક માટે ક્વાડ વિઝનને ધ્યાનમાં રાખીને, મંત્રીઓ ગયા વર્ષે પહેલી જુલાઈના રોજ વોશિંગ્ટન, ડીસીમાં યોજાયેલી ચર્ચાઓ પર આગળ વધશે.

ઓસ્ટ્રેલિયા અને જાપાનના વિદેશ મંત્રીઓ ગઈકાલે દિલ્હી પહોંચ્યા હતા. અમેરિકી સેક્રેટરી માર્કો રુબિયો આ મહિનાની 23મી તારીખે ભારતની ચાર દિવસની મુલાકાત માટે આવ્યા હતા.

સાંભળીએ એક અહેવાલ..

(VC: AANAND)

# UNION HOME MINISTER AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે રાજસ્થાનમાં BSFની સાંચુ બોર્ડર આઉટપોસ્ટની મુલાકાત લેશે, જ્યાં તેઓ સુરક્ષા દળોના કર્મચારીઓ સાથે વાતચીત કરશે અને તેમના માટે કલ્યાણકારી યોજનાઓનું ઉદ્ઘાટન કરશે.

બપોરે, તેઓ બિકાનેરમાં સરહદી વિસ્તારમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા સાથે સુરક્ષા દળોના કર્મચારીઓ સાથે વાતચીત કરશે.

શ્રી શાહ ગઈકાલે રાત્રે રાજસ્થાનના બિકાનેર પહોંચ્યા. કેન્દ્રીય ગૃહમંત્રી આગામી થોડા દિવસોમાં ભારતના સરહદી વિસ્તારોની મુલાકાત લેશે અને સુરક્ષા સંબંધિત બેઠકો કરશે.

# WORLD HEALTH ORGANIZATION

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને યુગાન્ડામાં ઇબોલા રોગને જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરાઇ.

આ જાહેરાત બાદ, ભારતીય નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) એ એરલાઇન્સ માટે એક માનક સંચાલન પ્રક્રિયા જારી કરી છે.

DGCA એ જણાવ્યું હતું કે યુગાન્ડા અને કોંગો સાથે કનેક્ટિવિટી ચલાવતી એરલાઇન્સે મુસાફરોને ઉતરતા પહેલા સ્વ-ઘોષણા ફોર્મ ફરજિયાત ફાઇલ કરવા અને એકત્રિત કરવાની ખાતરી કરવી જરૂરી છે.

## JAMMU AND KASHMIR

જમ્મુ અને કાશ્મીરમાં, ગુલમર્ગ ગોંડોલા રોપવેમાં સર્જાયેલી ટેકનિકલ ખામીને કારણે 65 કેબિનમાં ફસાયેલા તમામ 300 પ્રવાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કેબલ કારના 65 કેબિનમાં 300 થી વધુ પ્રવાસીઓ ફસાયા હતા, જેમાંથી કેટલાક જમીનથી લગભગ 500 ફૂટ ઉપર લટકતા હતા, જેના કારણે મહિલાઓ અને બાળકો સહિત પ્રવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. જોકે તાત્કાલિક ધોરણે બચાવ કામગીરી કરી તમામ મુસાફરોને સલામત નીચે ઉતારી લેવાયા છે.

## JAMMU AND KASHMIR

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લાના ડોરીમલમાં સેના, પોલીસ અને અર્ધલશ્કરી દળોની સંયુક્ત ટીમ દ્વારા 'ઓપરેશન 'શેરુવાલી' શરૂ કરાયું છે

**જેમાં આ વિસ્તારના ગાઢ જંગલોમાં છુપાયેલા શંકાસ્પદ આતંકવાદીઓને શોધવા માટે ચાલી રહેલા સર્ચ ઓપરેશનમાં ચોથા દિવસે પણ સુરક્ષા દળોએ ગોળીબારી વચ્ચે આતંકવાદીઓના એક ઠેકાણાનો નાશ કર્યો હતો.**

**આ છુપાવાના સ્થળે ખાવા-પીવાની વસ્તુઓ, ઠંડા પીણા, પાણીની બોટલો, અથાણાં, કપડાં, બેગ અને પોલીથીન કવર વગેરે મળી આવ્યા હતા. સુરક્ષા દળોને લોહીના ડાઘ પણ મળ્યા, જે કદાચ આતંકવાદીઓના હોવાનું જણાય છે જેઓ દળો દ્વારા હુમલો કરવામાં આવે તે પહેલાં ત્યાં છુપાયેલા હતા.**

**શંકાસ્પદ આતંકવાદીઓની હિલચાલ અંગે ચોક્કસ માહિતી મળ્યા બાદ સેના, પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) ની સંયુક્ત ટીમે શનિવારે આ વિસ્તારમાં મોટા પાયે ઘેરાબંધી અને શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# AMERICA AND IRAN

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન યુદ્ધને સમાપ્ત કરવા માટેના સાઉદી અરેબિયા સહિત ઘણા દેશો માટે અબ્રાહમ કરારમાં જોડાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો.

અબ્રાહમ કરારમાં મધ્ય પૂર્વ માટે સંભવિત ઐતિહાસિક ઘટના ગણાવી. તેમણે સાઉદી અરેબિયા, કતાર, પાકિસ્તાન, તુર્કી, ઇજિપ્ત, જોર્ડન અને બહેરીન સહિતના દેશોને કરારમાં જોડાવા વિનંતી કરી. બહેરીન અને સંયુક્ત આરબ અમીરાત 2020માં કરાર પર હસ્તાક્ષર કરનારા પ્રથમ દેશ હતા.

અબ્રાહમ કરાર એ તેમના પહેલા કાર્યકાળમાં અમેરિકાની મધ્યસ્થી દ્વારા કરવામાં આવેલા કરારો છે જેનો ઉદ્દેશ્ય ઇઝરાયલ અને અનેક આરબ અને મુસ્લિમ બહુમતી ધરાવતા દેશો વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવાનો છે. ટ્રમ્પે કહ્યું કે આ કરારોએ ભાગ લેનારા રાષ્ટ્રોને નાણાકીય, આર્થિક અને સામાજિક રીતે મજબૂત બનાવ્યા છે.

દરમિયાન, ઈરાને કહ્યું કે અમેરિકા સાથેની વાટાઘાટોમાં થોડી પ્રગતિ થઈ છે, પરંતુ કોઈ કરાર ટૂંક સમયમાં થવાની શક્યતા નથી.

(VC: SHSHANK KUMAR DUBAI)

# IRAN AND AMERICA

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધવિરામ વચ્ચે, અમેરિકન સૈન્યએ હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઇરાની મિસાઇલ લોન્ચ સાઇટ્સ અને બોટને નિશાન બનાવીને સ્વ-બચાવ માટે હુમલા કર્યા છે.

સેન્ટકોમના પ્રવક્તા હોકિન્સે જણાવ્યું હતું કે આ હુમલાઓમાં મિસાઇલ લોન્ચ સાઇટ્સ અને ખાણો તૈનાત કરવાનો પ્રયાસ કરતી ઇરાની બોટને નિશાન બનાવવામાં આવી હતી, અને ઉમેર્યું હતું કે યુદ્ધવિરામ દરમિયાન સૈનિકોનો બચાવ કરતી વખતે અમેરિકી દળ સંયમથી કાર્ય કરી રહ્યા હતા.

# IRAN – INTERNET

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને દેશભરમાં ઇન્ટરનેટ સેવા ફરીથી શરૂ કરવાનો આદેશ આપ્યો છે.

ઈરાની અધિકારીઓએ 87 દિવસથી વધુ સમય માટે સમગ્ર દેશમાં લગભગ સંપૂર્ણ ઇન્ટરનેટ સેવા બંધ હતી.

અમેરિકા અને ઈરાન સંઘર્ષ દરમિયાન આ પ્રતિબંધોએ નાગરિકોની માહિતી મેળવવામાં અવરોધ ઊભો કર્યો હોવાના અહેવાલ છે, જ્યારે ઇન્ટરનેટ કનેક્ટિવિટી પર નિર્ભર વ્યવસાયોને પણ ગંભીર અસર થઈ હતી.

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 31 મે-ના રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134-મી કડી હશે.

લોકો તેમના મંતવ્ય અને સૂચન ટોલ-ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ MyGOV ઑપન ફોરમ અથવા નરેન્દ્ર મોદી ઍપ પર પણ ઑનલાઈન મોકલી શકશે.

ઉપરાંત નાગરિકો 1922 નંબર પર મિસ્ડ કૉલ પણ આપી શકે છે અને ટૂંકી સંદેશ સેવા - SMSમાં મળેલી લિન્ક પર ક્લિક કરીને સીધા જ પ્રધાનમંત્રીને તેમના સૂચન મોકલી શકે છે. આગામી 29 તારીખ સુધી મંતવ્ય અને સૂચન મોકલી શકાશે.

# IPL

IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ ક્વૉલિફાયર-1 માં ગુજરાત ટાઇટન્સ સામે ટકરાશે. આ મેચ ધર્મશાલામાં સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. આ મેચની વિજેતા ટીમ સીધી IPL 2026 ફાઇનલમાં પહોંચશે, જ્યારે હારનાર ટીમને ક્વૉલિફાયર-2 માં રમવાની બીજી તક મળશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના તમામ અખબારોએ પેટ્રોલમાં ભાવ વધારાના સમાચારોને મુખ્ય હેડ લાઇન બનાવી છે
- ગુજરાત સમાચાર લખે છે.. ધૂમાડે બળતા પેટ્રોલ-ડીઝલ ના ભાવ: રૂ 100 ને પાર.
- દિવ્ય ભાસ્કરની હેડ લાઇન છે.. મોંઘવારીની સાડાસાતી.. પેટ્રોલ 2.61,- ડીઝલ 2.71 રૂ મોંઘું.
- સંદેશ લખે છે...10 દિવસ- ચોથો વધારો -પેટ્રોલ 100 ને પાર.
- અન્ય હેડ લાઇન માં...દુ:ખની વાત-NTA એ ભૂતકાળની ભૂલોમાંથી બોધપાઠ ના લીધો : સુપ્રીમ,
- ઈઝરાયેલ સાથે અબ્રાહમ એકોર્ડમાં ઈરાન સામેલ થશે : ટ્રમ્પનો દાવો અને આઇપીએલ પ્લે ઓફમાં આજે ગુજરાત ટાઈટન્સની RCB સામે ટક્કર... જેવા સમાચારો ને સ્થાન અપાયું છે

---